# પ્રવચન નં :- ૨૧
# સમયસાર ગાથા-૧૮૧ થી ૧૮૩
# તા-૧૮-૯-૮૭

શ્રી સમયસાર પરમાગમ શાસ્ત્ર છે. એનો સંવર અધિકાર. સંવર એટલે ધર્મનો અધિકાર. સંવર એટલે આત્માનો જે અનુભવ એવી અતીન્દ્રિય જ્ઞાન ને આનંદની દશા પ્રગટ નવી થાય તેને સંવર કહેવાય. એ સંવર કેમ પ્રગટ થાય. આસ્રવનો નિરોધ થઈને સંવર પ્રગટ થાય છે. પૂર્વ પર્યાયમાં આસ્રવ હોય અને પછીની પર્યાયમાં સંવર પ્રગટ થાય. આસ્રવ રોકાય જાય અને સંવર પ્રગટ થાય. એ સંવર કેમ પ્રગટ થાય એનો આ અધિકાર છે. ધર્મનો અધિકાર છે. ધર્મ કેમ થાય? સંવર કેમ થાય એમ કહો કે ધર્મ કેમ થાય એમ કહો.

આચાર્યભગવાન સમજાવે છે કે **ઉપયોગમાં ઉપયોગ છે** એટલે જ્ઞાનમાં જ્ઞાયક છે. પણ જ્ઞાનમાં કોઈ રાગાદિ, ક્રોધાદિ જ્ઞાનમાં નથી. જ્ઞાયક શુધ્ધાત્મામાં રાગ નથી. તેમ શુધ્ધાત્માને પ્રસિધ્ધ કરનાર એવો ઉપયોગ એ ઉપયોગમાં પણ રાગ નથી. ઉપયોગમાં ઉપયોગ છે. એટલે જ્ઞાનમાં જ્ઞાયક છે. પરિણામમાં પરિણામી છે. પરિણામ એટલે જાણનક્રિયા. એ જાણનક્રિયામાં જાણનારો છે.

**ઉપયોગમાં ઉપયોગ છે,** જાણનક્રિયામાં જાણનારતત્ત્વ જણાય છે. અને જે જણાય છે એમાં પણ રાગ નથી અને જે જાણનારને જાણે છે એમાં પણ રાગ નથી. ઉપયોગમાં ઉપયોગ છે પણ ઉપયોગમાં ક્રોધાદિ નથી. એટલાનો અર્થ ચાલે છે. ઉપયોગમાં એટલે જાણનક્રિયામાં જાણનારો છે. જાણનક્રિયામાં જાણનારો જણાય છે અને જાણનક્રિયામાં રાગ નથી અને જાણનારો જે જણાય છે એમાં પણ રાગ નથી. જીવતત્ત્વમાં પણ રાગ નથી અને જીવના ઉપયોગમય પરિણામમાં પણ રાગ નથી. આત્મા રાગથી રહિત છે અને ઉપયોગ પણ રાગથી રહિત છે.

જીવ એટલે જ્ઞાયકભાવ અનંતગુણનો પિંડ ભગવાનઆત્મા તેમાં પણ રાગ નથી અને આત્માના પરિણામમાં પણ રાગ નથી. આત્મામાં તો રાગ નથી પણ આત્માના પરિણામમાં પણ રાગ નથી. આત્માના પરિણામ કોને કહેવાય? કે જે જ્ઞાનના પરિણામ થાય છે તે આત્માના પરિણામ કહેવાય. રાગ છે તે આત્માના પરિણામ નથી. એની પાછળ લોજીક ને ન્યાય છે. કે જે જીવના પરિણામ હોય તે પરિણામમાં જીવ જણાય તે પરિણામને જીવના પરિણામ કહેવાય. પણ જે પરિણામમાં આત્મા ન જણાય તે પરિણામ આત્માના ન કહેવાય.

શુભાશુભભાવ, રાગની તીવ્રતા ને મંદતા, દેશવ્રતના ભાવ શુભભાવ, પાંચમહાવ્રતનો શુભરાગ એ

રાગમાં આત્મા જણાતો નથી. માટે રાગ એ આત્માના પરિણામ નથી. જે પરિણામમાં આત્મા જણાય તે પરિણામને પરમાત્મા આત્માના પરિણામ કહે છે. આત્માના પરિણામ કહે છે પણ આત્મા એ નથી. ઉપયોગને જીવના પરિણામ કહેવાય પણ એ જીવ નથી. હવે જે ઉપયોગ આત્માને પ્રસિધ્ધ કરે તે જ પરિણામને પરમાત્મા જીવના પરિણામ કહે છે. અને જે પરિણામ આત્માને પ્રસિધ્ધ ન કરે તે જીવના પરિણામ નથી. વ્યવહારરત્નત્રયના પરિણામ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રધ્ધાનો વિકલ્પ, દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ભકિતનો રાગ કે શાસ્ત્રનું જ્ઞાન એ ત્રણે પ્રકારના પરિણામ જીવના નથી. જીવના નથી એનું કારણ આપો. કે જીવને પ્રસિધ્ધ નથી કરતા.

મુમુક્ષુ :- શું લોજીક છે!

ઉત્તર :- ટંકોત્કીર્ણ છે. આહાહા! મલાઈ છે. અને આમાં કોઈ શાસ્ત્રના આધારની જરૂર નથી. જે પરિણામ જીવને પ્રસિધ્ધ કરે તે પરિણામને જીવના પરિણામ કહેવાય. જે પરિણામો જીવને પ્રસિધ્ધ ન કરે તે જીવના ન કહેવાય. જે પરિણામ ધર્મીને પ્રસિધ્ધ કરે તે પરિણામનું નામ ધર્મ છે. પણ જે પરિણામ ધર્મી એવા આત્માને પ્રસિધ્ધ ન કરે તે ધર્મના પરિણામ નથી, અધર્મના (પરિણામ) છે.

એમ કહે છે કે ઉપયોગ છે એ તો જીવના પરિણામ છે. જ્ઞાન છે એ તો જીવના પરિણામ છે. અને એ જ્ઞાનમાં જીવ જણાય છે. પણ રાગાદિ, ક્રોધાદિભાવો એ જીવના પરિણામ નથી. કેમ નથી? કે એમાં આત્મા અનુભવમાં આવતો નથી. એ પરિણામ આત્માને પ્રસિધ્ધ નથી કરતા. રાગ છે એ પરિણામ છે, તો કોઈ પરિણામીના પરિણામ હોય તો એ પુદ્‌ગલના પરિણામ છે માટે પુદ્‌ગલને પ્રસિધ્ધ કરે છે, જીવને પ્રસિધ્ધ નથી કરતા. માટે વસ્તુ બીજી છે.

**એક વસ્તુ બીજી વસ્તુની નથી.** એ વિષય ચાલે છે. ચેતનને પ્રસિધ્ધ કરે તેને ચેતનના પરિણામ કહેવાય. પણ જે ચેતનને પ્રસિધ્ધ ન કરે એ ચેતનના પરિણામ ન કહેવાય. સૂર્યનો પ્રકાશ સૂર્યને પ્રસિધ્ધ કરે છે. તો સૂર્યને પ્રસિધ્ધ કરે તે તો સૂર્યના પરિણામ કહેવાય પણ અંધકાર છે એ સૂર્યને પ્રસિધ્ધ કરતો નથી માટે અંધકારના ભાવ એ સૂર્યના પરિણામ જ નથી.

ઘડાની અવસ્થા માટીને પ્રસિધ્ધ કરે છે, ઘડાની અવસ્થા કુંભારને પ્રસિધ્ધ નથી કરતી. માટે જે પરિણામ જેના હોય તે પરિણામ તે પદાર્થને પ્રસિધ્ધ કરે કરે ને કરે તો જ તેના પરિણામ તમે માનો બાકી એના પરિણામ જ નથી. એ બીજાના પરિણામ છે. પંકજ! આ તો સી. એ. માં આવે એવું છે, હોં! આ તો સી. એ. નું કામ છે. આ સી. એ. છે ને એ સર્વજ્ઞ ભગવાનની કોર્ટનો સી. એ. છે. આ લૌકિક સી. એ. થી જુદુ છે. આહા! બુધ્ધિગમ્ય છે. અશ્વિનભાઈ!

આ વાત લોજીક અને અનુભવથી સિધ્ધ થાય છે. કયા શાસ્ત્રમાં લખ્યું છે? કાંઈ જરૂર નથી. જો તું. જો તું કષાયની મંદતાના પરિણામ તારી દશામાં થાય છે, પુણ્યના પરિણામ દયા, દાન, કરુણા,

કોમળતાના પરિણામ, થાય પરિણામ પણ એ પરિણામ તે જીવના માન્યા છે તે ભૂલ છે. પરિણામ થાય ત્યાં સુધી વાંધો નહીં. પણ એને જીવના માન્યા તે અજ્ઞાન છે. પરિણામ છે પણ બીજાના છે. જીવની જાત નથી એમાં. આહા!

માટે કહે છે કે **ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી,** એક ચેતન છે અને બીજું જડ છે. ચેતન જડનું નથી અને જડ ચેતનનું નથી. બે વસ્તુ ભિન્ન ભિન્ન છે. **અર્થાત્ એક વસ્તુની બીજી વસ્તુ કાંઈ સંબંધી નથી.** આહા! **કારણ કે,** કહે છે કે **એક વસ્તુ બીજી વસ્તુની નથી.** એનું કારણ આપે છે. કારણ કે બેયના ક્ષેત્ર ભિન્ન છે. ચેતન ભિન્ન અને જડ ભિન્ન. ચેતનના પરિણામ ચેતનથી અનન્ય છે અને જડના પરિણામ જડથી અનન્ય છે.

શું કહ્યું? ચેતનના પરિણામ જે જ્ઞાન જાણવું-દેખવું એ આત્માથી અનન્ય છે. અને રાગાદિ જડ એ જડથી અનન્ય છે. અને આત્માથી અન્ય છે. ભ્રાંતિ થઈ ગઈ છે. વ્યવહારનય સતતપણે કહે છે કે જીવના પરિણામ છે. પણ જો જીવના પરિણામ હોય તો એનાથી બંધ ન થાવો જોઈએ. અને જો એનાથી બંધ થાય તો જીવના પરિણામ નથી.

બીજો ન્યાય. કર્મની થીયરી. ગોમ્મટસારની થીયરી આ. કે કરણાનુયોગ તમે માનો છો? કે હા. સાંભળ! જે પરિણામથી બંધ થાય તે પરિણામ જીવના ન હોય. જે પરિણામથી નિર્જરા થાય તે પરિણામ જીવના કહો. જે પરિણામથી બંધ થાય એ જીવના પરિણામ ન હોય. તો તો સદા બંધ થયા કરે અને કોઈ દિ' છૂટે નહીં. માટે જેનાથી બંધ થાય તે જીવના પરિણામ ન કહેવાય. એક વાત. અને જે પરિણામમાં દુઃખનું વેદન આવે એ જીવના પરિણામ ન કહેવાય.

જે પરિણામ દુઃખદાયક હોય, તે જીવના (પરિણામ ન હોય) જીવના પરિણામ જીવને દુઃખ દયે? ખ્યાલ આવ્યો કાંઈ? ખ્યાલ આવ્યો? જીવના પરિણામ જીવને દુઃખ દયે? એ જીવના પરિણામ કહેવાય? પૂત્ર પિતાને દુઃખી કરે એ પૂત્ર કહેવાય? કોઠારી! એ પૂત્ર ન કહેવાય. પિતાને દુઃખ દયે? જે પરિણામથી જીવને દુઃખ થાય એ પરિણામ જીવના ન હોય. જે પરિણામથી કર્મનો બંધ થાય એ જીવના પરિણામ ન હોય. જે પરિણામ જીવને પ્રસિધ્ધ ન કરે તે જીવના પરિણામ ન હોય. હેં? સારી વાત.

આ જૈનદર્શન છે. એકદમ બુધ્ધિગમ્ય, લોજીક, ન્યાયથી, આગમથી, યુક્તિથી, અનુમાન અને અનુભવથી સિધ્ધ થાય એવી વાત છે. અંગૂઠાછાપ હોય ને એને પણ ખ્યાલ આવી જાય. ભણેલાની આમાં સંસ્કૃતની જરૂર નથી. કહે છે કે ચેતન અને જડ એ બે ભિન્ન ભિન્ન વસ્તુ છે.

**એક વસ્તુ બીજી વસ્તુની નથી. કારણ કે બન્નેના ક્ષેત્ર ભિન્ન છે.** આહાહા! રાગનું ક્ષેત્ર ભિન્ન અને ઉપયોગમય આત્માનું ક્ષેત્ર ભિન્ન છે. આત્મા જ્ઞાનમય છે અને રાગમય નથી. આહાહા! રાગ એક વસ્તુ બીજી છે. અને રાગને જાણનારું એ જ્ઞાન છે એ વસ્તુ બીજી છે. **કારણ કે બન્નેના પ્રદેશો**

એટલે **ક્ષેત્ર ભિન્ન હોવાથી તેમને,** તેમને એટલે જડ ને ચેતનને **એક સત્તાની અનુપપત્તિ છે.** એક સત્તા નથી બે સત્તા ભિન્ન ભિન્ન છે. બે થઈને એક સત્તા ન થાય. રાગ અને જ્ઞાનમય જીવ બે થઈને જીવ ન બને.

મુમુક્ષુ :- મોટો જબરદસ્ત દોષ આવી જાય.

ઉત્તર :- દોષ આવી જાય મોટો. જડ અને ચેતન બે થઈને એક ચેતન થાય? એમ ન થાય. એક જડભાવ છે અને એક ચેતનભાવ છે.

મુમુક્ષુ :- ચેતનનો નાશ થઈ જાય.

ઉત્તર :- ચેતનનો નાશ થઈ જાય. ચેતન જડ થાય અને કાં જડ ચેતન થઈ જાય. આહા! કોઈ કાળે સંક્રમણ ન થાય. એક દ્રવ્ય બીજા ભાવરૂપે કદી ત્રણકાળમાં પરિણમે નહીં. 'જડભાવે જડ પરિણમે ચેતન ચેતન ભાવ, કોઈ કોઈ પલટે નહીં છોડી આપ સ્વભાવ.

શુભાશુભભાવ, કષાયની તીવ્રતા અને મંદતાના પરિણામ, પુણ્ય-પાપના પરિણામ, એ પરિણામ જીવને પ્રસિધ્ધ નથી કરતા માટે એ જીવના પરિણામ નથી. અને જ્ઞાન એ જીવના પરિણામ છે. કેમકે જ્ઞાન જીવને પ્રસિધ્ધ કરે છે. એ જ્ઞાનમાં જીવનો અનુભવ થાય છે. 'હું જ્ઞાયક છું' 'હું જ્ઞાયક છું' એવો અનુભવ કઈ પર્યાયમાં થાય? કે જ્ઞાનની પર્યાયમાં. રાગમાં અનુભવ ત્રણકાળમાં ન થાય. આહા!

માટે બે થઈને એક સત્તા નથી. એક જડ અને એક ચેતન. જોડે જોડે છે, બાજુ બાજુમાં. પણ બે થઈને એક સત્તા નથી. સત્તા ન્યારી ન્યારી, ભિન્ન ભિન્ન છે. **અર્થાત્ બન્નેની સત્તા જુદી જુદી છે.** કયારે? કે ત્રણેકાળ. કે સિધ્ધ થાય ત્યારે પણ? સિધ્ધ ભગવાન થાય પરમાત્મા, ત્યારે રાગની સત્તા ભિન્ન અને આત્માની સત્તા ભિન્ન એમ હશે? અશ્વિનભાઈ! શું હશે? અત્યારે?

**અને એ રીતે એક વસ્તુની બીજી વસ્તુ નહીં હોવાથી એક સાથે બીજીને આધારાધેય સંબંધ નથી.** આત્માના આધારે દયાના પરિણામ થતા નથી. આત્માના આધારે વ્યવહારરત્નત્રયના પરિણામ થતા નથી. આત્માના આધારે ભકિત થતી નથી. શું કહ્યું? કે ભકિતના પરિણામને આત્મા આધાર નથી. એ જ્ઞાનના પરિણામને આત્મા આધાર છે. જ્ઞાનની સાથે આધારાધેયસંબંધ છે. આત્માના આધારે જ્ઞાન અને જ્ઞાનના આધારે આત્મા. પણ ભગવાનની ભકિત તીર્થંકર સાક્ષાત બિરાજમાન હોય એના તરફ લક્ષ જાય અને વ્યવહારભકિતનો રાગ ઉત્પન્ન થાય એ રાગ આત્માના આધારે થતો નથી. એનો આધાર આત્મા નથી. જડનો આધાર આત્મા નથી.

ચેતનને આધારે જડ ઉપજે નહીં. ચેતનને આધારે જડ ઉપજે નહીં. આહાહા! ચંદનના વૃક્ષમાં કાંટા ન ઉગે. અશ્વિનભાઈના પિતાશ્રીને હમણાં આમ થઈ ગયું જરા. નામ ભૂલી ગયો. વનેચંદભાઈ, શું નામ? નગીનભાઈ! કાલ મળ્યા હતા. આહા! આ તો કોઈ અલૌકિક સર્વજ્ઞ ભગવાને કહેલી વાત છે.

અનુભવી સંતોએ લખેલા શાસ્ત્ર છે. અને અનુભવથી પ્રમાણ થાય એમ પણ છે. અનુભવથી પ્રમાણ થાય એમ પણ છે. આહાહા!

આચાર્ય મહારાજે કહ્યું છે કે અમે કહીએ છીએ, તમે અનુભવથી પ્રમાણ કરો. આહા! એક સાકર લઈને આવ્યો અને બીજે દિ' ફટકડી લઈને આવ્યો. સાકરવાળો તે દિ' મોંઘવારી હતી તો કહે કે ચાલીસ રૂપિયે કિલો. ઓલો ફટકડીવાળો આવ્યો તે કહે કે પંદર રૂપિયા કિલો. બહેનો બધા લેવા મંડયા. દોડીને. પણ અનુભવથી પ્રમાણ ન કર્યું. અનુભવથી પ્રમાણ કર્યું હોત તો? અરે! પંદર શું? પાંચ રૂપિયામાં પણ જોઈતી નથી. સાકર ક્યાં છે? મારું દૂધ બગડે. આહા!

એમ જીવ છેતરાણો રાગમાં. આહા! ઠગાણો. એ ફટકડીના ભાવ છે. એ ભાવ એનો ફટકડીનો છે. અને જ્ઞાનમાં ચેતનનો ભાવ રહેલો છે. જ્ઞાનમાં આનંદ રહેલો છે. એ મીઠો-મધૂરો સ્વાદ છે જ્ઞાનનો. આ રાગનો કષાયેલો બગડેલો ભાવ છે. **એક વસ્તુ બીજી વસ્તુની નહીં હોવાથી,** ક્રોધ આત્માને આધારે થતો નથી. આત્મામાં થતો નથી. આત્માને પ્રસિધ્ધ કરતો નથી. એ ક્રોધ આત્માના પરિણામ નથી. ઠગાણો છો તું. ક્રોધ થયો એમ કોણે જાણ્યું? કે જ્ઞાને. એ જ્ઞાન આત્માના પરિણામ છે.

ક્રોધ થયો એ તો જ્ઞાનમાં આવ્યું કે નહીં? એ જ્ઞાન છે ને એ જીવના પરિણામ છે. પણ એ જીવના પરિણામ છે ત્યાં સુધી આવ્યો પણ ક્રોધને જાણનારું છે જ્ઞાન એ જીવના પરિણામ એમાં અનુભવ ન થયો. એ જ્ઞાન આત્માને પ્રસિધ્ધ કરે તો અનુભવ થાય. ક્રોધને પ્રસિધ્ધ કરે ત્યાં સુધી અજ્ઞાન છે.

મુમુક્ષુ :- પોતાની ચીજ નથી એને પ્રસિધ્ધ કરે છે.

ઉત્તર :- અજ્ઞાન છે એ તો. એ જ્ઞાન ક્રોધને પ્રસિધ્ધ કરે ને તો એ જ્ઞાન આત્માનું ન રહ્યું. કેમકે જ્ઞાન તો આત્માનું છે અને આત્માને પ્રસિધ્ધ ન કરે અને જેનું નથી એને પ્રસિધ્ધ કરવા મંડયું એ તો જ્ઞાનનું અજ્ઞાન થઈ જાય છે. ભ્રાંતિ થઈ ગઈ. આહા! જ્ઞાનનું જ્ઞેય, ક્રોધ જ્ઞાનનું જ્ઞેય જ નથી. જ્ઞાનનું જ્ઞેય તો ભગવાનઆત્મા છે. કે જેમાં તન્મય થઈને જાણે છે. અને ક્રોધમાં જ્ઞાન તન્મય થતું નથી એટલે જ્ઞાનનો વિષય ક્રોધ નથી. પાટણીજી સાહેબ!

જો જ્ઞાન, જ્ઞાન ક્રોધનું હોય, જ્ઞાન ક્રોધનું હોય તો ક્રોધમય થઈ જાય. તો તો આત્માનો નાશ થઈ જાય. માટે જ્ઞાન ક્રોધનું નથી. જ્ઞાન આત્માનું છે. માટે જે જેનું હોય તે તેને પ્રસિધ્ધ કરે. જ્ઞાન આત્માનું હોવાથી જ્ઞાન આત્માને પ્રસિધ્ધ કરે છે. ક્રોધને નહીં. તો ક્રોધથી વિમુખ થઈને જ્ઞાન અંતરમુખ થઈ અને આત્માને પ્રસિધ્ધ કરે, અનુભવ થાય.

**એક વસ્તુ બીજી વસ્તુની નહીં હોવાથી એક સાથે બીજીને આધારાધેયસંબંધ નથી.** આહાહા! આ શાસ્ત્રને હાથનો આધાર નથી. આ શાસ્ત્ર છે ને એ હાથને આધારે નથી. બેય વસ્તુ ભિન્ન ભિન્ન છે તેથી આધારાધેયસંબંધ ન હોય. એવી રીતે, એવી રીતે આ સાંભળવાનો જે રાગ છે ને એ

આત્માને આધારે થતો નથી. અદ્ધરથી થાય છે.

મુમુક્ષુ :- ચેતનને અને જડને તો આધારાધેયસંબંધ ન હોય પણ જડને ને જડને હોય કે નહીં?

ઉત્તર :- જડને જડને આધારાધેયસંબંધ કહેવો વ્યવહાર છે.

અહીંયા તો કહે છે કે આત્માને આધારે રાગ નથી અને રાગને આધારે આત્મા નથી. રાગનો આધાર રાગ છે. અને આત્માનો આધાર આત્મા છે. બેય વસ્તુ જુદી જુદી છે. ભેદજ્ઞાનનો મંત્ર છે આ. નમોકાર મંત્ર તો જન્મથી મળ્યો. પણ જયારે જ્ઞાની પાકે, આહાહા! જ્ઞાનીના યોગ થાય ત્યારે ભેદજ્ઞાનનો મંત્ર નવો આપે છે. કે રાગ ભિન્ન ને જ્ઞાન ભિન્ન. એ મંત્ર આપે છે. અને એ મંત્રથી દેવ હાજર થાય. કયા દેવ ખબર છે? (શ્રોતા :- આતમદેવ).

માટે કહે છે. **આધારાધેયસંબંધ નથી.** ભગવાનની ભકિતનો રાગ આત્માને આધારે થતો નથી. હા, આત્માનું જ્ઞાન અને આત્મા એને આધારાધેયસંબંધ છે. આત્માના આધારે જ્ઞાન અને જ્ઞાનના આધારે આત્મા. એ ભેદ કરો તો. અભેદ કરો તો આત્મા જ આધાર અને આત્મા જ આધેય. આહા! થોડો પંકજ અભ્યાસ તો કરવો પડશે, હોં! ઓમાં કેટલા વર્ષ ગાળ્યા? દસેક વર્ષ કાઢયા હશે. એમ. ઓછા. ત્રણ વર્ષ. આમાં ફકત છ મહિના છે.

આચાર્ય ભગવાન કહે છે છ મહિના રુચિપૂર્વક અભ્યાસ કરો. ઓમાં જડલક્ષ્મી મળે અને આમાં ચેતનલક્ષ્મી મળશે. આહા! ગોશરભાઈના દીકરા છે એ. આ ગોશરભાઈ બેઠાને એ.

મુમુક્ષુ :- આ વખતે સ્ટાર્ટ કર્યું છે અભ્યાસ કરવાનું.

ઉત્તર :- સ્ટાર્ટ કર્યું? આ કરવા જેવું છે. સાથે આવશે જ્ઞાન. બાકી કાંઈ સાથે આવવાનું નથી. આહા! અમારા ભરતભાઈના સાળા ૪૧ વર્ષના ગુજરી ગયા. બાર દિવસ ચૌદ દિવસ પહેલાં. ૪૧ વર્ષના જુવાન. અને ખૂબ બહારનો વૈભવ ઘણો. શું સાથે આવ્યું? આહા! બધા જોતા રહ્યા. બધા જોતા રહ્યા. સગા, વ્હાલા, કુટુંબ, કબીલા, પત્ની. આહા! કોઈ શરણ નથી. આ જગતમાં શરણ હોય તો એક આત્મા છે.

કહે છે કે સાક્ષાત તીર્થંકર પરમાત્મા હોય ને એની ભકિતનો ભાવ આવ્યો. એ ભકિતના ભાવનો આધાર આત્મા નથી. આહા! એ આધાર હોય તો ભકિતનો રાગ અને આત્માની વચ્ચે આધારાધેયસંબંધ હોય તો એક થઈ જાય. બે ન રહે. બે છે માટે આધારાધેયસંબંધ નથી. એક વસ્તુને બીજી વસ્તુ આધાર નથી. જો આધારાધેયસંબંધ હોય તો રાગ અને આત્મા બે તત્ત્વ ન થાય. તો જીવ તત્ત્વ ને આસ્રવતત્ત્વ બે ભિન્ન ન રહે. જીવ અને આસ્રવ ભિન્ન છે માટે આસ્રવને આત્માનો આધાર નથી. આહા!

**એક સાથે બીજીને આધારાધેયસંબંધ પણ નથી જ.** ચેતન ને જડ. પ્યોર જડ છે રાગ. પ્યોર સો ટકા રાગ છે જડભાવ અચેતન છે. આહા! તને ચેતન જેવું લાગે છે. એ તો તારી ભ્રાંતિ છે.

મૃગલાને જળ નથી પણ જળ લાગે છે. તે ભ્રાંતિ છે. એમ રાગ અચેતન છે. ચેતનની સાથે સાથે ઉપજે છે. પણ ચેતન નથી, જડ છે. કેમકે રાગ રાગને જાણતું નથી અને રાગ જાણનારને પણ જાણતું નથી. અને જ્ઞાન તો આત્માને જાણે છે. અને આ રાગ જડ છે એમ જ્ઞાન જાણે છે. એ જ્ઞાનમાં રાગ જડપણે જણાય ત્યારે અનુભવ થાય. એ રાગ ચેતનપણે જણાય ત્યાં સુધી મિથ્યાદષ્ટિ છે, પાપી છે.

મુમુક્ષુ :- બધું કહી દીધું.

ઉત્તર :- આ તો સર્વજ્ઞ ભગવાન ને સંતોએ કહેલી વાત (છે.) કોઈના ઘરની નથી. આધારાધેયસંબંધ નથી તેનો બોલ ચાલે છે. આધારાધેયસંબંધ નથી. એક વસ્તુને બીજી વસ્તુનો આધારાધેયસંબંધ નથી. આહાહા! અહીંયા એક પરમાણુને બીજા પરમાણુ સાથે આધારાધેયસંબંધ નથી એ સિધ્ધ નથી કરવું. અહીંયા ભેદજ્ઞાન કરાવવું છે. આત્માને ને રાગને આધારાધેયસંબંધ નથી. એ સિધ્ધ કરવું છે. સમજી ગયા?

અહીંયા પ્રયોજન સિધ્ધ કરવું છે ભેદજ્ઞાનનું. એક પરમાણુને અને બીજા પરમાણુને આધારાધેયસંબંધ નથી. એમાં સાધ્યની સિધ્ધિ નહીં થાય. આત્માને અને રાગને આધારાધેયસંબંધ નથી એમાં સાધ્યની સિધ્ધિ થશે. ઓમાં જ્ઞાન વધશે અને આમાં જ્ઞાનનો અનુભવ થશે. ઓમાં ઈન્દ્રિયજ્ઞાન વધશે. અજ્ઞાન વધશે. આહા! ભગવાનઆત્મા ચૈતન્ય પુંજ છે. પરમાત્મા બિરાજમાન છે અને એની દશામાં જાણવાની ક્રિયા થાય છે. એ જાણવાની ક્રિયામાં જાણનાર જણાય છે. પહેલાં પરોક્ષપણે જણાય છે અને પરોક્ષપણે જણાય છે એમ વિશ્વાસ આવ્યો તો પ્રત્યક્ષ થઈ જાય છે.

પણ પહેલાં આત્મામાં જ્ઞાન થાય છે. એમ હોવું જોઈ. અને એ જ્ઞાનમાં આત્મા જણાય છે એમ લેવું જોઈએ. અને એ વિશ્વાસ કરે તો પ્રત્યક્ષ થઈ જાય. પણ આત્મામાં રાગ થાય છે, અનુભવ નહીં થાય. અને રાગ જણાય છે, અનુભવ નહીં થાય. શું કહ્યું? પહેલી વાત કરી ફરીને. આત્મામાં જ્ઞાન થાય છે, રાગ નહીં. આત્મામાં જ્ઞાન થાય છે, રાગ નથી થતો. હવે એ જ્ઞાન જે થાય છે એમાં આત્મા જણાય છે. એમ પહેલાં એને પરોક્ષ અનુભૂતિમાં આવવું જોઈએ. જ્ઞાનમાં પ્રત્યેક જીવને જ્ઞાનમાં આત્મા જણાય રહ્યો છે. બાળ-ગોપાળ સૌને. હવે જો એ પરોક્ષ અનુભૂતિમાં આવી ગયો. વિશ્વાસ આવ્યો તો એને પ્રત્યક્ષ થઈ જાય છે. પણ જીવમાં રાગ થાય છે એને અનુભવ નહીં થાય. અને રાગ જણાય છે, જ્ઞાનમાં જણાય છે આત્મા અને ભાસે છે રાગ. એ મિથ્યાત્વ છે, અજ્ઞાન છે, ભ્રાંતિ છે.

જણાય છે જ્ઞાનમાં જ્ઞાયક સ્વજ્ઞેય અને ભાસે છે કે પરજ્ઞેય જણાય છે. ભ્રાંતિ છે. કેમકે પરજ્ઞેયની અંદર જ્ઞાનનો પર્યાય તન્મય થતો નથી માટે એ જણાતો નથી. અને જ્ઞાનની પર્યાયમાં જ્ઞાયકમાં તન્મય થાય છે માટે જ્ઞાયક જ જણાય છે. જે પર્યાય જેની હોય એમાં તન્મય થઈ જાય. રાગ-રાગમાં જ્ઞાન તન્મય થતું નથી માટે જ્ઞાનમાં રાગ જણાતો નથી. આહાહા! અને જ્ઞાનમાં જ્ઞાયક તો તન્મય થાય છે.

તન્મયપણે જણાય છે માટે જ્ઞાન આત્માનું છે. જ્ઞાન રાગનું નથી. રાગનું જ્ઞાન હોય તો જ્ઞાન રાગ થઈ જાય. 'જે જેનું હોય તે તે જ હોય'.

જેમકે આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા છે. કહે છે કે આધારાધેયસંબંધ નથી. આહાહા! આધારાધેયસંબંધ નથી માટે કર્તા-કર્મસંબંધ નથી. આધારાધેયસંબંધ નથી માટે કર્તા-કર્મસંબંધ પણ નથી. આત્મા કર્તા ને રાગ આત્માનું કાર્ય એમ છે નહીં. આત્મા કર્તા અને આત્માનું જ્ઞાન કર્મ છે. રાગનું જ્ઞાન કર્મ ન હોય. આત્મા કર્તા અને આત્માનું જ્ઞાન એ આત્માનું કાર્ય છે. આત્મા કર્તા અને રાગ કાર્ય એમ છે નહીં. કેમકે એ રાગ છે એ કર્મ તો છે. કર્મ તો છે રાગ. કાર્ય તો થયું. પણ એ કાર્ય બીજાનું છે.

બીજાના કાર્યને પોતાનું કાર્ય માનવું એ અજ્ઞાન છે. રાગ કાર્ય તો છે. કર્મ તો છે, કાર્ય. કર્મ એટલે કાર્ય. કાર્ય તો છે. અને કાર્યનો કર્તા બીજો છે. દ્રવ્યકર્મ એમાં વ્યાપે છે. એમાં આત્મા વ્યાપતો નથી. અને છતાં એ રાગની ક્રિયા જ્ઞાનમાં પ્રતિભાસતા જ્ઞાનક્રિયા મારી એ ભૂલી ગયો. અને રાગની ક્રિયા મારી. પર્યાયદૃષ્ટિ થઈ ગયો. આહા! ન્યાં ભૂલ ખાઈ ગયો. માટે આધારાધેયસંબંધ નથી ત્યાં કર્તા-કર્મ સંબંધ પણ ન સંભવી શકે.

**તેથી (દરેક વસ્તુને) પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠારૂપ (દૃઢપણે રહેવારૂપ) જ આધારાધેયસંબંધ છે.** સંવર અધિકાર છે ને. સંવરમાં આત્મા રહેલો છે. આસ્રવમાં આત્મા નથી. પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત એટલે રહેલો છે. દ્રવ્ય પોતાના પરિણામમાં રહેલું છે. દ્રવ્યના પરિણામમાં દ્રવ્ય રહે. દ્રવ્યની જે જાત હોય એ જાતના જે પરિણામ થાય એ પરિણામમાં દ્રવ્ય રહે. શું કહ્યું? દ્રવ્ય જે જાતનું હોય એ જાતના એના પરિણામ થાય એ પરિણામમાં જ દ્રવ્ય રહેલું છે. બીજાના પરિણામમાં દ્રવ્ય જાય નહીં, રહે નહીં.

એમ સંવરમાં એટલે શુધ્ધોપયોગમાં આત્મા રહેલો છે. એમાં પ્રતિષ્ઠિત એટલે રહેલો છે. ભગવાનઆત્મા છે. સૂર્ય છે, સૂર્યના પ્રકાશમાં રહેલો છે. સૂર્ય ટેબલમાં નથી. સૂર્યનો પ્રકાશ છે એમાં એ સૂર્ય રહેલો છે. પણ એ ટેબલમાં સૂર્ય નથી, કે મકાનમાં સૂર્ય નથી. એમ કહે છે કે જે દ્રવ્ય જે જાતનું હોય એ જાતના તેના પરિણામ હોય એ પરિણામમાં દ્રવ્ય બિરાજમાન છે. સંવરમાં આત્મા છે, પણ આસ્રવમાં આત્મા નથી. સંવરને અને આત્માને આધારાધેયસંબંધ છે. એક વસ્તુ છે.

કેમકે જીવની જાતના પરિણામ જે જ્ઞાનદર્શનચારિત્રના મોક્ષમાર્ગના પરિણામ પ્રગટ થાય એ પરિણામમાં આત્મા રહેલો છે. એ પરિણામમાં આત્મા કેમ રહેલો છે? કે એ પરિણામ આત્માને પ્રસિધ્ધ કરે છે માટે એ પરિણામમાં આત્મા રહેલો છે. જે પરિણામ આત્માને પ્રસિધ્ધ ન કરે એ પરિણામમાં આત્મા ન હોય. ફાસ્ટ ગાડી જાય છે. ગાડી જરા ફાસ્ટ જાય છે. આહાહા! બસ! આ ઉપયોગમાં ઉપયોગ છે. ઉપયોગનો દૂરઉપયોગ કર્યો છે તે સદ્ઉપયોગ કરવાનો છે. સી. એ. ભણવું એ ઉપયોગનો

દૂરઉપયોગ કર્યો છે. દૂરઉપયોગ કર્યો છે, હોં! સો ટકા. એક ટકો પણ સદ્ઉપયોગ એમાં નથી. ભલે બીજા વખાણ કરે. સમજી ગયા? બહુ કમાણી કરતા હોય. ઓહોહો! બહુ દિકરો હોંશિયાર! આહા! શેમાં? અજ્ઞાનમાં. આહાહા!

એ ભણતર તો એવું ભણવું જોઈએ કે જેમાં ભવનો અંત આવી જાય. હેં? એનું નામ ભણતર છે. બાકી બધું કુભણતર ને કુમતિ ને કુશ્રુત છે. કુમતિ અને કુશ્રુત એવો પાઠ છે શાસ્ત્રમાં. આહાહા!

જે જ્ઞાન આત્માને પ્રસિધ્ધ ન કરે એ જ્ઞાન આત્માનું નથી. આહાહા! અને જે જ્ઞાન જેનું છે એને પ્રસિધ્ધ કરે એ કયારે કહેવાય? કે એમાં આનંદ આવે તો. આહા! માટે કહે છે, આહા! આ તો ભાગવતી કથા છે. ભગવાનની કથા. સમયસાર તો સમયસાર અદ્વિતિયચક્ષુ છે, આંધળાની આંખ છે. દેખતો થઈ જાય. આંધળો વાંચે તો દેખતો થઈ જાય. પણ રુચિપૂર્વક. એ શરત છે.

શું કહે છે? માટે જ્ઞાન **પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠારૂપ (દ્રઢપણે રહેવારૂપ) જ આધારાધેયસંબંધ છે.** જ્ઞાનની પર્યાયમાં આત્મા છે અને આત્માની પર્યાયમાં જ્ઞાન છે. એ ભેદથી સમજાવે છે. પછી આત્મા આત્મામાં છે, આત્મા આત્મામાં છે એમ પણ નથી. જ્ઞાનમાં આત્મા છે, આત્મામાં જ્ઞાન છે. એક વાત પછી બીજી વાત. આત્મા આત્મામાં છે. એમ પણ નથી. 'જે છે તે છે'

મુમુક્ષુ :- કયો આત્મા કયા આત્મામાં છે?

ઉત્તર :- બે આત્મા કયાં છે? **માટે જ્ઞાન**-જ્ઞાન એટલે આત્મા. જ્ઞાન એટલે જ્ઞાનમય જે આત્મા છે પોતાનો તે **કે જે જાણનક્રિયારૂપ,** રાગમાં જાણવાની ક્રિયા નથી. જેમાં જાણવાની ક્રિયા થાય ને તે આત્માના પરિણામ અને જેમાં જાણવાની ક્રિયા ન હોય તે આત્માના પરિણામ નથી. ચેતન નથી, જડ છે. જેમ આમાં (શાસ્ત્રમાં) જાણવાની ક્રિયા ન થાય. આમાં (શાસ્ત્રમાં) જાણવાની ક્રિયા થાય છે? ન થાય.

જેમાં જાણવાની ક્રિયા ન થાય એ જડભાવ. એમ રાગ છે એ જડભાવ છે. કારણ આપો. કે જાણવાની ક્રિયા એમાં નથી માટે તેને જડભાવ કહેવામાં આવે છે. તો બધો વ્યવહારનો લોપ થઈ જશે. તો નિશ્ચય પ્રગટ થઈ જશે. અમને એ તો ઈષ્ટ છે. હાય! હાય! વ્યવહારનો લોપ થઈ જશે. વ્યવહારનો લોપ થઈ જશે તો નિશ્ચય પ્રગટ થશે. આત્માનો અનુભવ થશે.

ગુરુદેવ કહે છે કે અમે વ્યવહારનો નિષેધ કરીએ છીએ પણ એમાં તારો નિષેધ કયાં આવ્યો? કેમકે તું તો એવો છો નહીં. જો તું એવો હો અને અમે નિષેધ કરીએ તો તને દુઃખ થાય. તારે દુઃખ લગાડવાનું તો છે નહીં એમાં. કેમકે તું એવો નથી. અમે કહી તું મનુષ્ય નથી. બોલ! હું મનુષ્ય નથી? કે ના નથી. તો એ તો મને દુઃખ લાગે છે. તું નથી મનુષ્ય અમે કહીએ છીએ. અમે તો તને ભગવાનઆત્મા જોઈ છીએ. આહા! તો તને દુઃખ શેનું છે? અમે મનુષ્યની પર્યાયનો નિષેધ કર્યો એમાં.

મનુષ્યની પર્યાયનો નિષેધ અમે કર્યો તો તું તો એમ લે 'હું તો જ્ઞાયક છું', બસ! કામ થઈ જાશે તારું. મનુષ્યની પર્યાયનો નિષેધ કર્યો, જ્ઞાયક હાથમાં આવશે. શું કહે છે?

મુમુક્ષુ :- પર્યાયનો નિષેધ થઈ ગયો.

ઉત્તર :- હા.. દ્રવ્ય હાથમાં આવી ગયું. દ્રવ્યદષ્ટિ થઈ ગઈ પર્યાયદષ્ટિ છૂટી ગઈ. આહા! જીવ રાગી નથી. હેં, પુણ્યવાળો જીવ નથી? આ બે પંકજ બેઠા છે. પુણ્યવાળા નથી. તો કહે ના, શાંતિભાઈ પુણ્યવાળા છે? કહે, ના, એ તો આત્માને ગાળ છે. પુણ્યશાળી કહેવો એ ગાળ છે. આત્મા જ્ઞાન ને આનંદમય છે. આહા!

મુમુક્ષુ :- જેવો નથી એવો કહેવો એ જ ગાળ છે.

ઉત્તર :- એ જ ગાળ છે.

મુમુક્ષુ :- મનુષ્યને ઢોર કહેવો એ ગાળ છે.

ઉત્તર :- મનુષ્યને ઢોર કહેવો એ તો ગાળ કહેવાય ને? એમ આત્મા જ્ઞાનમય હોવા છતાં તેને પુણ્યવાળો કહેવો, ગાળ છે ગાળ. આહાહા!

એટલે અમે કહીએ છીએ તું પુણ્યવાળો નથી એમાં તને દુ:ખ શેનું લાગે છે? અમે તો તને કહીએ છીએ કે તું જ્ઞાનવાળો છો. નહીં હું પુણ્યવાળો છું. આહા!

મુમુક્ષુ :- ભાગ્યશાળી કહેવાય ને?

ઉત્તર :- ભાગ્યશાળી કહે , અજ્ઞાની ગાંડા કહે. આહા! બધા ગાંડા ભેગા થાય ને એ ગાંડો ગાંડાના વખાણ કર્યા કરે. ડાહ્યો આવીને કહે, અરે! આ તો બધા ગાંડા છે. આમાં કાંઈ છે નહીં. સ્ફટીકમણીની સામે ફુલ હોય. સો બસ્સો માણસ ભેગા થાય, આ કાચ લાલ છે, આ કાચ લાલ છે, આ કાચ લાલ છે. એમાં ઝવેરી નીકળ્યો કો'ક. સમજી ગયા? અરે! આ શું ભેગા થયા છે? કે હરરાજી થાય છે. કે પાંચ રૂપિયા સુધીનો ચડાવો થયો છે. કેમકે કાચ લાલ છે. લાલ કાચની કોણ કિંમત આપે?

ઓલો કહે મારે બજારમાં બહુ કામ છે. વહેંચવો કેટલામાં છે? કે સો રૂપિયા. શેઠ! સોથી ઓછો નવાણું નહીં. નોટ ફટ કાઢીને આપી દીધી. ખીસ્સામાં નાખીને ભાગ્યો. પાછું વાળીને જુએ નહીં. બીજે દિ' દસ લાખમાં વહેંચી નાખ્યો. આહા! તો એ સો જણા સાચા કે એક જણો સાચો? સોએ મુર્ખા છે. એમ રાગ આત્માના પરિણામ છે, (એમ માનનારો) મૂર્ખ છે મોટો. મૂર્ખનો શીરોમણી છે, રાગ આત્માના પરિણામ જે માને છે તે. જ્ઞાન આત્માના પરિણામ છે. કેમકે જ્ઞાન આત્માને પ્રસિધ્ધ કરે છે. રાગ આત્માને પ્રસિધ્ધ કરતો નથી. આહા!

એ તો વિચાર કે આ જ ચાલે છે આસ્રવનો નિરોધ ને સંવરની (ઉત્પત્તિ). આસ્રવ છે તે. ભાઈ! બાપુ! એ ચેતનના પરિણામ નથી. ચેતનની જાત એમાં નથી. જાત જુદી છે. કજાત છે. પુણ્ય-પાપના

પરિણામ એ કજાત છે. જાત નથી આત્માની. જ્ઞાન એટલે જ્ઞાનમય આત્મા કે જે જાણનક્રિયારૂપ જાણવાની જે ક્રિયા થાય છે, જ્ઞાનમાં જાણવાની ક્રિયા થાય છે. એ જાણવાની ક્રિયામાં જાણનારો જણાય છે. જાણનારો જણાય છે એટલે જાણનારો જ્ઞાનની ક્રિયામાં છે.

મુમુક્ષુ :- વાહ! વાહ! જાણવાની ક્રિયામાં જાણનારો જણાય છે.

ઉત્તર :- જાણનારની ક્રિયા જાણવાની થાય છે એમાં જ જાણનારો જણાય છે. એટલે જાણનારો એમાં છે. જેમાં જણાય એમાં આત્મા છે. જેમાં જણાતો નથી એમાં આત્મા નથી.

મુમુક્ષુ :- જે પરિણામમાં દ્રવ્યની પ્રસિદ્ધિ થાય એ જ દ્રવ્ય એ પરિણામમાં છે.

ઉત્તર :- એ જ પરિણામમાં દ્રવ્ય રહેલું છે. આહાહા! જાણનક્રિયા, આમાં પાઠ છે. આમાં પાઠનો અર્થ ચાલે છે, **માટે જ્ઞાન કે જે,** જ્ઞાયક આત્મા જ્ઞાનમય આત્મા કે જે એટલે કે દ્રવ્ય **જાણનક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત (રહેલું) છે.** એ આત્મા, જ્ઞાયકઆત્મા કયાં રહેલો છે? કે જે જાણનક્રિયામાં રહેલો છે. એનું કારણ આપો. કે જાણનક્રિયામાં આત્મા રહેલો છે એનું કારણ આપો. કે જાણનક્રિયામાં જણાય છે. તો જેમાં જે જણાય છે તેમાં તે હોય. જેમાં જે જણાય તેમાં તે હોય. અને બીજું ન હોય. પાછું? આહા!

જાણનક્રિયામાં જાણનારો જણાય છે માટે જાણનક્રિયામાં જાણનારો રહેલો છે. જાણનક્રિયામાં જાણનારો જણાય છે માટે જાણનારો એવો જ્ઞાયકભાવ જાણનક્રિયામાં છે. અને રાગ જણાતો નથી માટે રાગ એમાં નથી. ફરીને.અહીંયા પાઠ છે. સંધ્યા! **માટે જ્ઞાન** એટલે જ્ઞાનમયઆત્મા, જ્ઞાયકભાવ આત્મા, દ્રવ્ય. **કે જે,** કે જે, જાણનક્રિયા આત્માની છે. કેમકે આત્મા જાણનારો છે તો એની ક્રિયામાં જાણવું આવે. આત્મા જાણનાર છે, જ્ઞાનમય છે તો તેની ક્રિયામાં જાણવું આવે. અને એ જાણવું જે આવે છે, જાણવાની ક્રિયા એમાં આત્મા જણાય છે. એમાં આત્મા જણાય છે એટલે જાણનારો જાણનારની ક્રિયામાં છે. રાગ તેમાં જણાતો નથી માટે રાગ આત્મામાં નથી. જરાક ખ્યાલ કરો તો વાત ઊંચી આવે છે. શું આચાર્યભગવાન કહે છે?

**માટે જ્ઞાન** એટલે જીવતત્ત્વ. જ્ઞાન એટલે? જ્ઞાન ને આનંદનો પિંડ જીવતત્ત્વ સામાન્ય. એ જે સામાન્યતત્ત્વ છે જીવતત્ત્વ, એની વિશેષ પર્યાયમાં છે એ. કેમકે જાણનક્રિયા એ સામાન્યનું વિશેષ છે. એ શાસ્ત્રનું વિશેષ નથી. જ્ઞેયનું વિશેષ નથી. જ્ઞાન એટલે આત્મા. જ્ઞાનમય આત્મા **કે જે,** કે જે **જાણનક્રિયામાં રહેલું છે.** આત્મા જાણનક્રિયામાં રહેલો છે એટલે સંવરમાં રહેલો છે, શુધ્ધઉપયોગમાં આત્મા રહેલો છે. કેમકે જાણનક્રિયામાં જાણનારો જણાય છે. જેમાં જાણનારો જણાય છે તેમાં જાણનારો છે. આહા! જેમાં જણાય તેમાં તે છે.

સૂર્યના પ્રકાશમાં સૂર્ય છે. માટે સૂર્ય પ્રકાશનો પુંજ છે. એ પ્રકાશની ક્રિયામાં સૂર્ય છે. આહા! કેમકે

સૂર્યને પ્રકાશ એક પદાર્થ છે, એક સત્તા છે. રાગની સત્તા ભિન્ન છે તેમ જ્ઞાન અને આત્માની સત્તા એક છે. **માટે જ્ઞાન કે જે જાણનક્રિયારૂપ,** આ ધ્યેયપૂર્વક જ્ઞેયની વાત ચાલે છે. એ કથંચિત અભિન્ન છે એમ રાખીને વાત કરવાની છે. **માટે જ્ઞાન કે જે જાણનક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં રહેલું છે.** એ પોતાનું સ્વરૂપ છે. આત્મા જ્ઞાનમાં રહે એ પોતાનું સ્વરૂપ છે.

આત્મા સંવરમાં રહે એ પોતાનું સ્વરૂપ છે. આત્મા ક્રોધમાં રહે એ આત્માનું સ્વરૂપ નથી. કેમકે ક્રોધમાં આત્મા જણાતો નથી. ક્રોધ એ સામાન્યનું વિશેષ નથી. અને જ્ઞાન તો સામાન્યનું વિશેષ છે. જેવું સામાન્ય ચેતન એવા વિશેષ પરિણામ જાણવા-દેખવાના એ એની વિશેષ અવસ્થા છે. કેમકે એ અવસ્થામાં આત્મા જણાય છે. માટે જાણનક્રિયામાં આત્મા રહેલો છે. સંવરમાં આત્મા રહેલો છે. આસ્રવમાં આત્મા નથી.

હવે કહે છે ભગવાનઆત્મા ઉપયોગમાં રહેલો છે. ઉપયોગમાં ઉપયોગ છે ને? એની વાત ચાલે છે. ઉપયોગમાં ઉપયોગ છે. ઉપયોગમાં એટલે જાણનક્રિયામાં. ઉપયોગ એટલે આત્મા છે. હવે કહે છે એટલો ભેદ કરીને સમજાવ્યું. કે પર્યાયમાં દ્રવ્ય છે. બીજાને સમજાવવા માટે રાગમાં આત્મા નથી. પણ જ્ઞાનની અવસ્થા પ્રગટ થાય છે એમાં આત્મા છે. એટલો ભેદ કરીને, દ્રવ્ય કેમાં છે? કે પર્યાયમાં છે. કોની પર્યાયમાં? કે પોતાની પર્યાયમાં. રાગ પોતાની પર્યાય નથી.

જાણવાની ક્રિયા એ આત્માની ક્રિયા છે. એમાં આત્મા રહેલો છે. એટલું ભેદથી સમજાવ્યું. હવે એનો અભેદ કરે છે. હવે પાછું અભેદ કરી નાખે છે. સમજાવવા માટે ભેદ કર્યો. ખરેખર ભેદ નથી. **તે જાણનક્રિયાનું** એટલે ઉપયોગનું **જ્ઞાનથી** એટલે આત્માથી **અભિન્નપણું હોવાને લીધે,** જ્ઞાન ને જ્ઞાયક એક વસ્તુ છે. અભિન્ન છે, બે વસ્તુ નથી. અગ્નિ અને ઉષ્ણતા એક પદાર્થ છે. એમ જાણનક્રિયા અને આત્મા જેમાં આત્મા અનુભવમાં આવે છે શુદ્ધઉપયોગમાં, તો કહે છે કે **તે જાણનક્રિયાનું,** એટલે પર્યાયનું, આહા! **જ્ઞાનથી** એટલે આત્માથી **અભિન્નપણું હોવાને લીધે,** એ અભેદ છે. ભેદ નથી. દેખાતો નથી. ભેદ હોવા છતાં દેખાતો નથી. અભેદનયે એક છે. ભેદનયે બે છે.

અભેદનયે જોવામાં આવે તો એક છે. જ્ઞેયથી જોવામાં આવે તો એક છે. અને ધ્યેયથી જોવામાં આવે તો બે છે. **જાણનક્રિયાનું જ્ઞાનથી** એટલે **આત્માથી અભિન્નપણું હોવાને લીધે જ્ઞાનમાં જ છે.** જ્ઞાન જ્ઞાનમાં જ છે. જ્ઞાન રાગમાં તો નથી. જ્ઞાન એટલે આત્મા જાણનક્રિયામાં છે એમ કહ્યું, પણ જ્ઞાન જ્ઞાનમાં જ છે. જાણનક્રિયા અને આત્મા એનો ભેદ ઓળંગી જાવ (અને) તમે અભેદથી જુઓ તો ઉષ્ણતા અને અગ્નિ એ બેય એક પદાર્થ છે. બે પદાર્થ નથી.

**જાણનક્રિયાનું જ્ઞાનથી** એટલે જ્ઞાનમય શુદ્ધાત્માથી **અભિન્નપણું હોવાને લીધે જ્ઞાનમાં જ છે.** જ્ઞાન જ્ઞાનમાં જ છે. જાણનક્રિયામાં આત્મા કહ્યો હતો, હવે કહે છે કે જાણનક્રિયામાં આત્મા છે

એમ નહીં. આત્મા આત્મામાં છે. જ્ઞાન જ્ઞાનમાં છે. દ્રવ્ય પર્યાયમાં છે એમ કહ્યું હતું, તો દ્રવ્ય દ્રવ્યમાં છે. અભેદ. આહા! દ્રવ્ય પર્યાયમાં છે એમ નહીં. દ્રવ્ય દ્રવ્યમાં છે.

મુમુક્ષુ :- અનુભવદશાની વાત છે.

ઉત્તર :- અનુભવદશામાં આમ થાય. અને આમ થાય ત્યારે જ અનુભવ થાય. ભેદથી સમજાવવામાં આવે છે. પણ ભેદથી સમજાતું નથી. અનુભવાતું નથી.

મુમુક્ષુ :- અનુભવાય તો ભેદ રહેતો નથી.

ઉત્તર :- ભેદ રહેતો નથી. પછી ભેદ કયાં રહ્યો? આ તો કોઈ શાસ્ત્ર છે! જ્ઞાન જ્ઞાનમાં જ છે. એટલી વાત કરી. હવે એક વસ્તુ બીજી વસ્તુમાં નથી.

હવે ક્રોધની વાત કરે છે. **ક્રોધાદિક કે જે ક્રોધાદિક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે.** ક્રોધની ક્રિયામાં ક્રોધ છે. આહા! ક્રોધની ક્રિયામાં જ્ઞાન નથી. ક્રોધની ક્રિયામાં આત્મા નથી. ક્રોધની ક્રિયામાં ક્રોધની ક્રિયા છે. ક્રોધની ક્રિયામાં ક્રોધ છે. **તે ક્રોધાદિક્રિયાનું ક્રોધાદિથી અભિન્નપણું હોવાને લીધે,** ઓમાં જાણનક્રિયાનું જ્ઞાનથી અભિન્નપણું લીધું હતું. આમાં **તે ક્રોધાદિક્રિયાનું ક્રોધાદિથી અભિન્નપણું હોવાને લીધે, ક્રોધાદિકમાં જ છે.** આહાહા!

અહીંયા જે ક્રોધ થયો એ ક્રોધ ક્રોધના આશ્રયે થયો છે માટે ક્રોધાદિક્રિયા એ દ્રવ્યકર્મમાં છે. અભેદ કરી નાખ્યું. આહા! જાણનક્રિયા અને આત્મા એક છે. એમ ક્રોધ અને ક્રોધ બેય એક જ છે. આત્માથી ભિન્ન છે. ક્રોધના પરિણામમાં ક્રોધ રહેલો છે. ક્રોધના પરિણામમાં આત્મા નથી. કડવાશના પરિણામમાં અફીણ છે. પણ કડવા પરિણામમાં સાકર નથી. એમ ક્રોધના પરિણામમાં ક્રોધ છે પણ ક્રોધના પરિણામમાં આત્મા નથી. ચેતન નથી, ભિન્ન છે. **તે ક્રોધાદિક્રિયાનું ક્રોધાદિથી અભિન્નપણું હોવાને લીધે, ક્રોધાદિકમાં જ છે. જ્ઞાનનું સ્વરૂપ જાણનક્રિયા છે,** એટલે આત્માનું સ્વરૂપ જેમ જાણનક્રિયા છે. જાણવું, જાણવું જાણવું જાણવું જાણવું જાણવું જાણવું, કરવું કરવું કરવું કરવું કયારે આવશે? કે કોઈ કાળે નહીં આવે. ખલાસ!

આજથી શરૂઆત કરી જાણવું જાણવું જાણવું જાણવું. કરવાનું કયારે આવશે? કે કરવાનું નહીં આવે. આહાહા! સમ્યગ્દર્શન થયું પછી જાણવું જાણવું જાણવું આવશે. પણ રાગનું કરવું? (નહીં આવે.) હેં?

મુમુક્ષુ :- કરે તે જાણે નહીં અને જાણે છે તે કરે નહીં.

ઉત્તર :- કરે નહીં. આહા! આત્મા જ્ઞાનમય છે. 'આત્મા જ્ઞાનમ સ્વયં જ્ઞાનમ જ્ઞાનાઅન્યત્ કરોતિ કિમ, પરભાવસ્ય કર્તાત્મા મોહોયમ વ્યવહારિણમ' રાગને આત્મા કરે છે. એ અજ્ઞાનીનું લક્ષણ છે. એનું લખણ શું? અજ્ઞાની કેમ જણાય? એનું લખણ. નથી કહેતા? એના લખણ તો જુઓ! અજ્ઞાનીના

લખાણ તો જુઓ! એ કેમ જણાય અજ્ઞાની? પૂછો રાગ કોણ કરે છે? તો કહે હું કરું છું. હું નથી કરતો તો કોણ કરે છે? અને જરા વાયડો હોય તો બીજા શબ્દો પણ બોલે. એ તો બોલે. આહા! આ પુણ્ય ન કર્યું? લાખ રૂપિયાનું દાન આપ્યું તો મેં નથી આપ્યું? તો કોણે આપ્યું? આહાહા!ભાઈ! બહુ સંભાળવાનું છે આ. આ કાંઈ સાધારણ વાત નથી. મશ્કરીમાં ઉડાડવા જેવી વાત નથી. સંતની વાણી, જિનવાણી છે.

માટે **તે ક્રોધાદિક્રિયાનું ક્રોધાદિથી અભિન્નપણું હોવાને લીધે, ક્રોધાદિકમાં જ છે. જ્ઞાનનું સ્વરૂપ,** આત્માનું સ્વરૂપ જેમ જાણનક્રિયા છે **માટે જ્ઞાન આધેય અને જાણનક્રિયા આધાર છે.** જાણનક્રિયા પર્યાય છે. પર્યાયના આધારે દ્રવ્ય છે. આધાર-આધેયસંબંધ ભેદથી સમજાવે છે. પછી અભેદ કરી નાખે છે. માટે જ્ઞાન આધેય અને જાણનક્રિયા આધાર. પર્યાયને આધારે દ્રવ્ય રહેલું છે. જાણવાની ક્રિયા જે થાય છે આત્માઆશ્રિત એ જ્ઞાનની ક્રિયાને આધારે આત્મા રહેલો છે.

**જાણનક્રિયા આધાર હોવાથી,** જાણનક્રિયા આધાર હોવાથી, આધાર એટલે ધારી રાખેલી. જ્ઞાનની પર્યાય દ્રવ્યસ્વભાવને ધારી રાખે છે. આહા! જ્ઞાનની પર્યાય એ ક્રોધને ધારતી નથી. માટે **જાણનક્રિયા આધાર હોવાથી એમ ઠર્યું કે જ્ઞાન જ આધાર છે.** આહાહા! જ્ઞાનને આધેય કહ્યું હતું અને જાણનક્રિયાને અધાર કહ્યું હતું. હવે બેયને અભેદ કરીને કહે છે કે આત્મા જ આધાર છે અને આત્મા જ આધેય છે. આધાર પણ આત્મા અને આધેય પણ (આત્મા). કોણ કોને આધારે એ ભેદ હવે દેખાતા નથી. બે આત્મા નથી. આત્મા એક છે.

એક આત્મામાં આધાર નામનો ધર્મ છે અને એ જ આત્મામાં આધેય નામનો ધર્મ છે. આધેય અને આધાર ધર્મભેદ છે, વસ્તુભેદ નથી. આધાર પણ આત્મા અને આધેય પણ આત્મા. એવો આધાર અને આધેય એવા બે ધર્મોના ભેદ કરો તો છે, આહા! પણ જો ભેદ ન કરો તો વસ્તુ તો એક છે. કોણ કોને આધારે છે. આધાર-આધેયના ભેદ કાઢી નાખ્યા. ત્યારે એને અનુભવ થાય.

**માટે જાણનક્રિયા આધાર હોવાથી એમ ઠર્યું કે જ્ઞાન જ આધાર છે, કારણ કે જાણનક્રિયા અને જ્ઞાન જુદાં નથી.** આધાર અને આધેય જુદી વસ્તુ નથી. આ દીપક અને દીપકનો પ્રકાશ બે જુદી વસ્તુ નથી. દીપકના આધારે પ્રકાશ અને પ્રકાશના આધારે દીપક રહેલો છે. પરસ્પર આધાર-આધેયસંબંધ છે. પછી કહે છે કે દીપક જ આધાર છે અને દીપક જ આધેય છે.

મુમુક્ષુ :- ભેદ તોડી નાખ્યો.

ઉત્તર :- ભેદ કાઢી નાખ્યો. આહા!

આ તો શાસ્ત્ર છે કોઈ! અદભૂત શાસ્ત્ર છે. કામ થઈ જાય એવું છે. આ રીતે એમ સિધ્ધ થયું કે જ્ઞાન જ્ઞાનમાં જ છે. જ્ઞાન જ્ઞાનમાં જ છે. જ્ઞાન રાગમાં નથી, જ્ઞાન શાસ્ત્રમાં નથી, જ્ઞાન પ્રતિમામાં નથી.

જ્ઞાન ક્યાં રહેતું હશે? જ્ઞાન મંદિરમાં રહેતું હશે? નહીં? જ્ઞાન જ્ઞાનમાં છે. આહાહા! જ્ઞાનમય જ છે. વળી જ્ઞાન જ્ઞાનમાં છે અને આધાર-આધેય એ તો ભેદથી સમજાવે છે કે રાગને આધારે આત્મા નથી. આત્મા જ્ઞાનને આધારે છે. એટલો ભેદ કરીને સમજાવ્યું હતું, બાકી વસ્તુ તો એક જ છે. બે ધર્મો છે જુદા જુદા. એમ જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞેયના ધર્મભેદ છે. પણ વસ્તુભેદ નથી. આધાર અને આધેય એ બે ધર્મો ભિન્ન છે. પણ વસ્તુ એક છે ત્યારે એને અનુભવ થાય છે. વખત થઈ ગયો.

卐